بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમીરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલખામિસ અયૈદહુલ્લાહ તઆલા બિનસિરિહિલ અઝીઝ તા.૨૩.૦૨.૨૦૧૮ મસ્જીદ બૈતુલ ફતૂહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યુંઃ આજ કાલ જમાઅતોમાં મુસ્લેહ મૌઉદ દિવસના જલસાઓનું આયોજન કરવામાં આવી રહ્યા છે. ૨૦ ફેબ્રુઆરીની તારીખ એવી તારીખ છે જેમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.એ અલ્લાહ તઆલાથી સૂચના મેળવી એક પુત્રના જન્મ વિશે સૂચના આપી હતી, તે બાબતે જાહેરાત પ્રકાશિત કરી હતી. આ જાહેરાત ૨૦ ફેબ્રુઆરી ૧૮૮૬ના રોજ પ્રકાશિત થઈ. મુસ્લેહ મૌઉદ દિવસ મનાવવુ તથા તે બાબતે જલસાઓ આયોજિત કરવા વાસ્તવમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ની એક મહાન ભવિષ્યવાણી પુરી થવાના કારણે છે, ન કે હઝરત મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદ ખલીફતુલ મસીહ દ્વિતીયના જન્મના કારણે. આ સ્પષ્ટીકારણ મેં એટલા માટે કર્યુ કે અમુક લોકો સવાલ કરે છે કે મુસ્લેહ મૌઉદ દિવસ જ્યારે મનાવો છો તો પછી બીજા ખલીફાઓનો જન્મ દિવસ કેમ નથી મનાવતા. જણાવવાનું કે આ દિવસ હઝરત મુસ્લેહ મૌઉદ નો જન્મ દિવસ નથી. તેઓનો જન્મ તો ૧૮૮૯માં ૧૨ જાન્યુઆરીના રોજ થયો હતો. આમ આ સ્પષ્ટીકરણ પછી આજે હું ભવિષ્યવાણી મુસ્લેહ મૌઉદ વિશે વાત કરીશ. સૌથી પહેલા તો હઝરત મસીહ મૌઉદ અ.સ.ના પોતાના શબ્દોમાં આ ભવિષ્યવાણીના શબ્દો રજુ કરીશ તથા પછી આ પણ કે આપના લેખો દ્વારા આ વાત પણ પ્રમાણિત છે તથા આપનો આ વિચાર હતો કે આ ભવિષ્યવાણીના સત્યાર્થ હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય જ હતા. તેવી જ રીતે હઝરત ખલીફતુલ મસીહ પ્રથમનો પણ આ જ વિચાર હતો. કેટલાક અન્ય બુઝુર્ગોનો પણ આ જ મત હતો કે આ ભવિષ્યવાણીના સત્યાર્થ હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય જ છે. આથી જેવું કે મેં કહ્યું કે તેની વિભિન્ન વિશેષતાઓ હતી, સંકેત હતા તથા આ સંકેત જે પ્રમાણે પુરા થયા અને લોકોએ જે રીતે વર્ણન કર્યુ અને તેમણે અનુભવ કર્યો આ વિશે અમુક ઉદાહરણો રજુ કરુ છું.

હુઝુર અનવરે ભવિષ્યવાણી મુસ્લેહ મૌઉદ રઝી.ના શબ્દો વાંચી સંભળાવ્યા અને પછી ફરમાવ્યું સૈયદના હઝરત મસીહ મૌઉદ અ.સ. આ ભવિષ્યવાણી વિશે ફરમાવે છે : જ્યારે મારો પહેલો પુત્ર મૃત્યુ પામી ગયો તો નાદાન મોલ્વીઓ તથા તેમના મિત્રો અને ઈસાઈઓ અને હિન્દુઓએ તેની મૃત્યુ પર ખુબ પ્રસન્નતા જાહેર કરી અને વારંવાર તેમને કહ્યું કે ૨૦ ફેબ્રુઆરી ૧૮૮૬માં આ પણ એક ભવિષ્યવાણી છે કે અમુક બાળકોનું નિધન પણ થશે. આથી જરૂરી હતું કે કોઈ બાળક બાળપણમાં જ મૃત્યુ પામી જાય. તો પણ તે લોકો આપત્તિથી બાઝ ન આવ્યા. ત્યારે અલ્લાહ તઆલાએ એક અન્ય બાળકની મને સૂચના આપી. મારા લીલા રંગની જાહેરાતના સાતમાં પેજ પર આ બીજા છોકરાના જન્મ વિશે આ શુભ સૂચના છેઃ બીજો બશીર આપવામાં આવશે જેનું બીજુ નામ મહમૂદ છે તે હજુ સુધી જે ૧ સપ્ટેમ્બર ૧૮૮૮ છે, જન્મ નથી થયો પરંતુ અલ્લાહ તઆલાના વાયદા પ્રમાણે પોતાની સીમા અનુસાર અવશ્ય જન્મ લેશે. ધરતી, આકાશ ટળી શકે છે પરંતુ તેના વાયદાઓનું ટળવું અસંભવ છે. હુઝુર અનવરે ફરમાવ્યુંઃ હવે હું ખલીફતુલ મસીહ પ્રથમનો આપના સ્તર વિશે શું વિચાર હતો, તે બાબતે એક રિવાયત રજુ કરૂ છું.

હઝરત ખલીફતુલ મસીહ પ્રથમના અવસાનથી છ મહીના પહેલા હઝરત પરિ મંજૂર મુહમ્મદ સાહેબ, લેખક કાયદા યસ્સર્નલ કુરઆનએ આપની સેવામાં નિવેદન કર્યુ કે મને આજે હઝરત અકદસ અ.સ.ની જાહેરાત વાંચી સમજાઈ ગયુ કે પિસર મૌઉદ મિયાં સાહેબ જ છે અર્થાત હઝરત મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદ. તેના પર હઝરત ખલીફા અવ્વલએ ફરમાવ્યુંઃ અમોને તો પહેલાથી ખબર છે, શું તમે નથી જોતા કે અમે મિયાં સાહેબ સાથે કેટલી વિશેષ ભાવનાથી મળીએ છીએ તથા તેમનું આદર કરીએ છીએ. પરિ સાહેબે આ જ શબ્દો લખી સત્યાપનના રજુ કર્યા તો હઝરત ખલીફા અવ્વલએ તેના પર લખ્યું કે આ શબ્દો મેં બ્રાદ્રમ પીર મંજૂર અહેમદથી કહ્યા હતા તથા પછી હસ્તાક્ષર કર્યા. નૂરૂદ્દીન ૧૦ સપ્ટેમ્બર ૧૯૧૩, આપ ફરમાવે છે કે ૧૧ સપ્ટેમ્બર ૧૯૧૩ની સાંજ પછી, ઉપર વાળી ઘટનાના એક દિવસ પછી જે બયાન કર્યુ છે હઝરત ખલીફતુલ મસીહ ઘરમાં ખાટલા પર સુતેલ હતા, હું પગ સહેલાવવા લાગ્યો

થોડી ક્ષણ પછી વિના કોઈ ચર્ચા સ્વયં ફરમાવ્યું અર્થાત ખલીફતુલ મસીહ અવ્વલે કે હમણા આ નિબંધ પ્રકાશિત ન કરશો અર્થાત આ વાત કે હઝરત મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદ જ આ ભવિષ્યવાણીના ચરિતાર્થ છે, જ્યારે વિરોધ થાય ત્યારે પ્રકાશિત કરશો.

એક બુઝુર્ગ મુકર્રમ ગુલામ હુસેન સાહેબ નમ્બરદાર મુહલ્લા શહેર સિયાલકોટએ હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીયને મુસ્લેહ મૌઉદ હોવાની ઘોષણા પછી લખ્યું કે મારા પ્રિય પેશવા હાદી તથા રહનુમા હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય મૌઉદ અય્યદહુલ્લાહ બિનસ્રિહિલ અઝીઝ, અખબાર અલફઝલ ૩૦ જાન્યુઆરી વાંચી અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરૂ છું. અલહમ્દો લિલ્લાહ કે મારા સપનાને પણ અલ્લાહ તઆલાએ સાચો કરી દેખાડયો. લખે છે કે હુઝુરને માલૂમ હશે કે હઝરત ખલીફતુલ મસીહ અવ્વલના જીવનમાં આ વિનીતએ દફતર અલફઝલમાં શાદીખાન સાહેબ સ્વર્ગીય સિયાલકોટીની ઉપસ્થિતિમાં હુઝુરને મુબારકબાદ આપી હતી કે અલ્લાહ તઆલાએ સપનામાં દેખાડયું કે હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ પછી આપ ખલીફા બનશો તથા સફળ થશો અને આપ પર વહ્યી નાઝીલ થશે. આ સ્વપ્નુ મેં ખલીફતુલ મસીહ અવ્વલને પણ સંભળાવ્યું હતું તથા હુઝુરે ખુબ જ પ્રસન્નતા પૂર્વક તેનું સત્યાપન કર્યુ હતું અને ફરમાવ્યું કે આ જ કારણે તેનો ખુબ વિરોધ શરૂ થઈ ગયો છે. સૈયદ હામિદ શાહ સાહેબ સ્વર્ગીયને પણ સપનુ સંભળાવ્યું હતું. અલહમ્દો લિલ્લાહ કે હુઝુરે સ્વયં પણ મુસ્લેહ મૌઉદ હોવાનો દાવો કરી દીધો. કેમકે હઝરત મુસ્લેહ મૌઉદ એ આ ઘોષણા કરી હતી ૧૯૪૪માં. કહે છે કે મને તો હઝરત ખલીફતુલ મસીહ અવ્વલના જીવન કાળમાં જ આપ ખલીફતુલ્લાહ તથા મુસ્લેહ મૌઉદ હોવાનો દૃઢ વિશ્વાસ થઈ ગયો હતો.

તેવી જ રીતે એક અન્ય બુઝુર્ગ છે મુકર્રમ સૂફી મતીઉર્રહેમાન સાહેબ બંગાલી. હઝરત મુસ્લેહ મૌઉદના નામે પોતાના એક પત્રમાં લખે છે કે મેં સપનામાં જોયું કે ઈદનો જલસો છે, હઝરત મસીહ મૌઉદ અ.સ. એક ઊંચા સ્થળે ઉભા થઈ સંબોધન કરી રહ્યા હતા. સંબોધનની સમાપ્તિ પર જ્યારે હું હાથ મિલાવવા માટે આગળ વધ્યો તો જોયું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. નથી બલ્કે હુઝુર અનવર છે અર્થાત હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય છે. આ સ્વપ્નુ મેં કપ્તાન ડૉ. બદરૂદ્દીન સાહેબ તથા મારા ભાઈ શ્રી મોલાના ઝિલ્લુર્રહમાન સાહેબ મુબલ્લિગ બંગાલીની સેવામાં જણાવ્યું મોલાનાઝિલ્લુર્રહમાન સાહેબે જણાવ્યું કે તમોને હઝરત અમીરૂલ મોમિનીન વિશે જે મસીહ મૌઉદની ભવિષ્ય વાણી છે કે તે હસન વ અહેસાનમાં તારો નઝીર હશે, તેના વિશે બતાવ્યો છે.

તેવી જ રીતે હઝરત શેખ મુહમ્મદ ઈસ્માઈલ સાહેબ સરસાવીનો બયાન છે કે અમોએ વારંવાર હઝરત મસીહ મૌઉદ અ.સ.થી સાંભળ્યું છે, આપ ફરમાવતા હતા કે તે છોકરો જેનું ભવિષ્યવાણીમાં વર્ણન છે, તે મિયાં મહમૂદ જ છે અને અમોએ આપથી આ પણ સાંભળ્યું, આપ ફરમાવતા કે મિયાં મહમૂદમાં એટલો બધો દીનનો જોશ જોવા મળે છે કે હું ઘણી વાર તેમના માટે વિશેષ દુઆઓ કરૂ છું.

હઝરત મુસ્લેહ મૌઉદ રઝી.ને જ્યાં સુધી અલ્લાહ તઆલાએ ન કહ્યું, આપે મુસ્લેહ મૌઉદ હોવાનો દાવો ન કર્યો તથા જ્યારે આપને સ્પષ્ટ રૂપથી ઘોષણા કરવાની અનુમતિ આપી ત્યારે આપે ઘોષણા કરી. તે સમયે આપે આ ફરમાવ્યું કે આમાં સંદેહ નથી કે આ મૌઉદ પુત્ર વિશે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જે નિશાનીઓ બયાન ફરમાવી છે તેમાંથી ઘણી બધી પુરી થવાના કારણે અમારી જમાઅતના ઘણા લોકો આ કહેતા હતા કે આ ભવિષ્યવાણી મારા જ વિષયમાં છે પરંતુ હું હંમેશા આ કહેતો હતો કે જ્યાં સુધી અલ્લાહ તઆલા મને આ આદેશ ન આપે કે હું એવી કોઈ ઘોષણા કરૂં, હું ન કરીશ. આમ તે દિવસ આવી ગયો જ્યારે ખુદા તઆલાએ મારા મોઢેથી એલાન કરાવ્યું.

આપે એલાન સમયે જલસા હોશિયારપુરમાં ફરમાવ્યું કે હું ખુદાના આદેશ અનુસાર સોગંદ ખાઈ આ ઘોષણા કરું છું કે ખુદાએ મને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની ભવિષ્યવાણી અનુસાર આપનો તે મૌઉદ પુત્ર ઘોષિત કર્યો છે જેણે જમીના કિનારાઓ સુધી હઝરત મસીહ મૌઉદ અ.સ.નું નામ પહોચાડવું છે.

પછી લાહોરના જલસામાં આપે ફરમાવ્યું હું તે વાહીદ અને કહહારની સોગંદ ખાઈ કહું છું જેની જુઠી સોગંદ ખાવી ધિકકાર લોકોનું કાર્ય છે તથા જેના પર શેખ બશીર અહેમદ સાહેબ એડવોકેટના મકાનમાં આ સૂચના આપી છે કે હું જ મુસ્લેહ મૌઉદની ભવિષ્યવાણીનો સત્યાર્થ છું અને હું જ તે મુસ્લેહ મૌઉદ છું જેના દ્વારા ઈસ્લામ દુનિયાના કિનારા સુધી પહોચશે તથા તૌહીદ દુનિયામાં કાયમ થશે.

હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પેશગોઈ મુસ્લેહ મૌઉદમાં મૌઉદ પુત્રની જે નિશાનીઓ જણાવી હતી, તે પચાસથી અધિક નિશાનીઓ છે તથા આપની આ વિશેષતાઓ તમામ લોકોએ હઝરત મુસ્લેહ મૌઉદમાં જોઈ, તેનું વર્ણન કરું છું. હઝરત મુસ્લેહ મૌઉદની પેશગોઈની સચ્ચાઈની અભિવ્યકિત અલ્લાહ તઆલાએ ગૈરોથી પણ કરાવી અત: એક માન્યવર ગૈર અહેમદી આલિમ મોલવી સમીઉલ્લાહ ખાન સાહેબ ફારૂકીએ પાકિસ્તાનની સ્થાપનાથી પહેલા ઈઝહાર એ હક શીર્ષકથી એક ટ્રૈકટમાં લખ્યું.

હઝરત મસીહ મૌઉદ અ.સ.ને સૂચના મળે છે કે હું તારી જમાઅત માટે તારા વંશમાંથી એક વ્યકિતને સ્થાપ્તિ કરીશ તથા તેને મારી નિકટતા અને વહ્યી દ્વારા વિશિષ્ટ કરીશ તથા તેના માધ્યમથી સત્યની પ્રગતિ થશે તથા ઘણા બધા લોકો પ્રગતિ કરશે. લખે છે કે આ પેશગોઈને વાંચો તથા વારંવાર વાંચો અને પછી ઈમાનથી કહો કે શું આ પેશગોઈ પુરી નથી થઈ. જે સમયે આ પેશગોઈ કરી હતી તે સમયે વર્તમાન ખલીફા બાળક જ હતા તથા મિરઝા સાહેબ તરફથી તેમને ખલીફા નિયુકત કરવા માટે કોઈ પણ પ્રકારની વસીયત પણ ન કરવામાં આવી હતી બલ્કે ખિલાફતનો ચયન સર્વ સમ્મતિ પર છોડી દીધો હતો. તે સમયે અધિકતર લોકોએ હકીમ નુરૂદ્દીન સાહેબને ખલીફા સ્વીકારી લીધા જેના પર વિરોધીઓએ પેશગોઈ પર ઉપહાસ કર્યો કે જુઓ કહેતા હતા કે પુત્ર થશે પરંતુ હકીમ સાહેબના અવસાન પછી મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદ સાહેબ નિયુકત થયા. આ વાસ્તવિકતા છે કે આપના યુગમાં અહેમદિયતએ જેટલી અધિક પ્રગતિ કરી તે અદભુત છે જેનાથી સ્પષ્ટ થાય છે કે મિરઝા સાહેબની આ પેશગોઈ સંપૂર્ણ રૂપથી પુરી થઈ.

પછી ભારતના એક બિન મુસ્લિમ સિખ પત્રકાર અર્જુન સિંહ, રંગીન સમાચાર પત્રના સંપાદકએ સ્વીકાર કર્યુ, કહે છે કે મિરઝા સાહેબે ૧૯૦૧માં જ્યારે કે મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદ સાહેબ વર્તમાન ખલીફા હજુ નાના જ હતા, આ પેશગોઈ કરી હતી કે

બિશારત દી કે ઈક બેટા હૈ તેરા, જો હોગા એક દિન મહબૂબ મેરા
કરૂંગા દૂર ઉસ મહ સે અંધેરા, દિખાઉંગા કે એક આલમ કો ફેરા
બિશારત કયા હૈ ઈક દિલ કી ગિઝા દી, ફસુબ્હાનલ્લઝી અખઝલ અઆદી

લખે છે પેશગોઈ નિ:સંદેહ હૈરત પૈદા કરનાર છે. ૧૯૦૧માં ન મિરઝા બશીરૂદ્દીન મહમૂદ કોઈ મોટા વિદ્વાન હતા તથા ન આપની રાજનૈતિક યોગ્યતાના જોહર ખુલ્યા હતા. તે સમયે આ કહેવુ કે તારો એક પુત્ર આ પ્રમાણેનો હશે, અવશ્ય કોઈ આધ્યાત્મિક શકિતનું પ્રમાણ છે. આ કહી શકાય છે કે કેમકે મિરઝા સાહેબે એક દાવો કરીને ગાદીની આધાર શીલા મુકી દીધી હતી આ કારણથી આપની આ ધારણા હોઈ શકતી હતી કે મારા પછી મારી ગાદીએ મારો પુત્ર બેસશે પરંતુ આ વિચાર અનુચિત છે એટલા માટે કે મિરઝા સાહેબે ખિલાફતની શરત નથી રાખી કે તે અવશ્ય મિરઝા સાહેબના વંશથી તથા આપના સંતાનમાંથી હોય. આમ ખલીફા અવ્વલ એક એવા સાહેબ થયા જેમનુ મિરઝા સાહેબના પરિવારથી કોઈ સંબંધ ન હતો. પછી આ પણ સંભવ હતું કે મોલવી હકીમ નુરૂદ્દીન સાહેબ ખલીફા અવ્વલ પછી પણ કોઈ અન્ય ખલીફા થઈ જતા. આમ આ અવસરે પણ મોલવી મુહમ્મદ અલી સાહેબ અમીર જમાઅત લાહૌર ખિલાફત ના અભિલાષી હતા પરંતુ અધિકતર લોકોએ મિરઝા બશીરૂદ્દીન સાહેબને સાથ આપ્યો તથા આ પ્રમાણે આપ ખલીફા નિયુકત થયા. લખે છે કે હવે સવાલ એ છે કે મોટા મિરઝા સાહેબની અંદર કોઈ દિવ્ય શકિત કામ ન કરી રહી હતી તો પછી આપ આ કેવી રીતે જાણી ગયા કે મારો પુત્ર આવો હશે. જે સમયે મિરઝા સાહેબએ ઉપરોકત ઘોષણા કરી છે તે સમયે આપના ત્રણ પુત્રો હતા, આપ ત્રણેય માટે દુઆઓ પણ કરતા હતા પરંતુ પેશગોઈ કેવળ એક વિશે છે અને આપણે જોઈએ છીએ કે વાસ્તવમાં એવો પ્રમાણ મળ્યો કે તેણે એક વિશ્વમાં બદલાવ પેદા કરી દીધો.

પછી મૌઉદ પુત્રના જન્મનો ઉદ્દેશ્ય આ હતો કે દીન એ ઈસ્લામની પ્રતિષ્ઠા તથા અલ્લાહના કલામની શ્રેષ્ઠતા લોકો પર જાહેર થાય. ભારત પાકિસ્તાનના વિખ્યાત મુસ્લિમ લીડર તથા કવિ મોલવી ઝફર અલી ખાન સાહેબ સંપાદક ઝમીંદાર અખબારએ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કરતા પોતાના લોકોને કહ્યું કે કાન ખોલીને સાંભળી લો કે તમે અને તમારા લોકો મિરઝા મહમૂદનો મુકાબલો કયામત સુધી નથી કરી શકતા. મિરઝા મહમૂદની પાસે કુરઆન અને

કુરઆનનુ જ્ઞાન છે, તમારી પાસે શું છે. તમોએ કદાપી સપનામાં પણ કુરઆન નથી વાંચ્યું. મિરઝા મહમૂદની પાસે એવી જમાઅત છે જે તન મન ધનથી તેના ઈશારા પર, તેના પગ પર ન્યોછાવર થવા માટે તૈયાર છે. મિરઝા મહમૂદની પાસે મુબલ્લિગ છે જે વિભિન્ન વિદ્યાઓના નિપુણ લોકો છે વિશ્વના પ્રત્યેક દેશમાં તેણે ઝંડો રોપી રાખ્યો છે.

કુરઆનના વિખ્યાત ટીકાકાર અલ્લામા અબ્દુલ માજિદ દરયાબાદી, સિદક એ જદીદના સંપાદક હઝરત મુસ્લેહ મૌઉદના નિધન પર એક લેખ લખ્યો જેમાં હઝરત મુસ્લેહ મૌઉદની કુરઆનની સેવાને શ્રદ્ધાંજલિ પેશ કરતા લખે છે કે કુરઆન તથા કુરઆનના જ્ઞાનનો વિશ્વવ્યાપી પ્રકાશન તથા ઈસ્લામની વૈભવ શાળી તબ્લીગમાં તેમણે જે પ્રયાસ, અગ્રેસરતા તથા દૃઢ નિશ્ચયથી પોતાની લાંબી આયુંમાં જારી રાખ્યું તેનું અલ્લાહ તઆલા તેમને પ્રતિફળ આપે. જ્ઞાનની દૃષ્ટિથી કુરઆનના લૌકિક બ્રહ્મજ્ઞાનની જે વ્યાખ્યા તથા સ્પષ્ટીકરણ અને અનુવાદ તેઓ કરી ગયા છે તેનો પણ એક બુલંદ તથા વિશેષ સ્તર છે.

એક અમેરીકી પાદરી એકવાર કાદિયાન આવ્યો. ખલીફતુલ મસીહ દ્વિતીયથી મુલાકાત તથા આપના જવાબ સાંભળ્યા પછી તેણે કહ્યું મેં આજ સુધી એવી બુદ્ધિ સંગત વાત ચીત તથા એવી તર્ક સંગત તકરીર કોઈના મોઢે નથી સાંભળી. એવું લાગે છે કે તમારો ખલીફા ખુબ મોટો સ્કોલર છે તથા વિશ્વના ધર્મો પર તેમની નજર ખુબ ગહેરી છે. આ કહીને તેણે ખુબ અદબથી હઝરત સાહેબના હાથને ચુમી અને પાછો ચાલ્યો ગયો.

એક સાપ્તાહિક સમાચાર પત્રના સંપાદક લાલા કરમ ચંદ અમુક પત્રકારો સાથે કાદિયાન આવ્યા અને હુઝુર રઝી.થી ખુબ પ્રભાવિત થઈ પાછા ફર્યા તથા પોતાના અખબારમાં આ વિષયમાં એક નિબંધ પણ લખ્યો. તેમનું કહેવું હતું કે અમે તો ઝફરૂલ્લાહ ખાનને મોટો માણસ માનતા હતા પરંતુ મિરઝા બશીરૂદ્દીન મહમૂદ અહેમદની સામે તેમનું સ્તર એક શાળાના બાળક જેવું છે. તેઓ પ્રત્યેક વાતમાં તેનાથી સારો વિચાર રાખે છે તથા ઉત્તમ તર્ક પેશ કરે છે. તેમનામાં અત્યંત સંગઠન કૌશલ છે, એવો વ્યકિત સરળતા પૂર્વક કોઈ રાજ્યને પ્રગતિની ચરમ સીમા સુધી લઈ જઈ શકે છે.

એક જ્ઞાનના મિત્ર બુઝુર્ગ જલસા સાલાના કાદિયાનમાં સામેલ થયા તેમણે મુસ્લેહ મૌઉદ તથા આપના અનુયાયીઓ વિશે પોતાનો અનુભવ બયાન કર્યુ. કહે છે મેં એક વાત જેને ધ્યાન પૂર્વક જોઈ કે આખું સંગઠન, આખો સમૂહ, આખો સમાજ તે પવિત્ર આત્મા ખલીફાની એક નાની આંગળીના ઈશારા પર ચાલી રહ્યું હતું. હઝરત ઈમામ જમાઅત અહેમદિયાના વિષયમાં આ નિષકર્ષ પર પહોચ્યો છું કે આ વ્યકિત કલમનો ધની પણ છે, તકરીરની ઉચ્ચ શ્રેણીનો સ્વામી પણ છે તથા સંગઠનનો ઉચ્ચ શ્રેણીનો ગવર્નર પણ છે.

ખુત્બાના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું કે લોકોનું હઝરત મુસ્લેહ મૌઉદ વિશે આ વિચાર છે. પેશગોઈના સત્યાપનની આ ખુલ્લી અભિવ્યકિત છે. હુઝુરે ફરમાવ્યું આજ કાલ જે જલસાઓ થઈ રહ્યા છે તેમાં પેશગોઈ વિશે ચર્ચા તથા આપની પ્રતિષ્ઠા પૂર્ણ કાર્યોની વાતો સાંભળી જ્યાં આપણે હઝરત મુસ્લેહ મૌઉદ રઝી.ના દરજ્જા વધતા જવા માટે દુઆઓ કરવી જોઈએ ત્યાં પોતાની હાલતોનું નિરીક્ષણ પણ કરવું જોઈએ કે અહેમદિયતની પ્રગતિ માટે એક ઉત્સાહ સાથે જમાઅતના પ્રત્યેક વ્યકિતએ પોતાની સંપૂર્ણ પ્રતિભાઓને નિખારવા તથા ઉપયોગ કરવાની જરૂર છે. જો આપણે આમ કરીશું તો આપણે અહેમદિયતની પ્રગતિને પોતાના જીવનમાં પહેલાથી અધિક પુરા થતા જોઈશું. અલ્લાહ તઆલા આપણને આ કાર્યનું સામર્થ્ય આપે. આમીન

TOLL FREE NO: 180030102131